SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR - 388 120 (GUJARAT) INDIA
NAAC Re-Accreditation CGPA 3.25 Grade - 'A' (23-1-2017 to 22-1-2022)
Website : www.spuvvn.edu
Fax: (02692) 230309, 226804

**ACADEMIC SECTION**
તારીખ:૧૮/૦૫/૨૦૨૦

**પરિપત્ર**

આથી સંબંધકર્તા સર્વેને જણાવવાનું કે તારીખ.૨૧/૧૦/૨૦૧૯ની સિન્ડીકેટની સભાના બાબત ક્રમાંક:૯થી સરદાર પટેલ યુનિવર્સિટીની સંલગ્ન કોલેજો/ઇન્સ્ટીટ્યુટમાં ચાલતા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૦૨૧થી ધોરણ-૧૨માં NIOS બોર્ડના વિધાર્થીઓ માટે નીચે મુજબ ઠરાવેલ છે.

" આથી ઠરાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૧૯--૨૦૨૦ માટેની સ્નાતક કક્ષાના કેન્દ્રીય પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન યુનિવર્સિટી દ્વારા સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માગતા ધોરણ-૧૨માં NIOS બોર્ડમાંથી ઉર્તિણ થયેલા વિધાર્થીઓની માર્કશીટની ચકાસણી કરતા શંકા ઉપજાવે તેવા કેસો જણાયા હતા. સદર બાબતે માનનીય કુલપતિશ્રી દ્વારા એક સમિતિની રચનાકરવામાં આવી હતી, સમિતિએ તારીખ.૦૩/૧૦/૨૦૧૯ના રોજ આપેલા વિસ્તૃત અહેવાલની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદર બાબતની ગંભીરતાને ધ્યાને લઇ વાલીઓ/વિધાર્થીઓમાં બહોળી પ્રસિદ્ધિ મળી રહે તે હેતુસર NIOS બાબતે સતર્કતા રાખવા પરિપત્ર કરવો. શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧થી NIOS દ્વારા ઇસ્યુ થયેલી માર્કશીટ વાળા વિધાર્થીઓને સરદાર પટેલ યુનિવર્સિટીમાં પ્રવેશ આપવો નહી. "

ઉપરોક્ત બાબતને ધ્યાને લઇ NIOS બોર્ડમાંથી ધોરણ-૧૨માં ઉર્તિણ થયેલ વિધાર્થીઓને સરદાર પટેલ યુનિવર્સિટીની વિવિધ કોલેજો તથા વિભાગોમાં પ્રવેશ આપવો નહીં.

કા.કુલસચિવ

નં.ડી/ઇ-૧૦/286
તારીખ : ૧૯/૦૫/૨૦૨૦
વલ્લભ વિધાનગર
પ્રતિ,
સર્વે આચાર્યશ્રી/વડાશ્રીઓ યુનિવર્સિટી સંલગ્ન કોલેજો, વિવિધ વિભાગો તથા ઇન્સ્ટીટયૂટ તરફ